# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરન પરમાર** વાંચે છે.

---

# CM NAGARPALIKA

રાજ્યની 149 નગરપાલિકાઓને માર્ગ સમારકામ માટે કુલ 107 કરોડ રૂપિયાની નાણાકીય સહાયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર નગર પાલિકાઓ ની કેટેગરી મુજબ 40 લાખથી એક કરોડ રૂપિયા સુધીની ગ્રાન્ટ ફાળવાશે , જેમાં, 'અ' વર્ગની 37 નગરપાલિકાઓને પ્રત્યેકને 1 કરોડ પ્રમાણે કુલ 37 કરોડ , 'બ' વર્ગની 34 નગરપાલિકાઓને દરેકને 80 લાખ મુજબ 27 કરોડ , 'ક' વર્ગની 61 નગરપાલિકાઓને દરેકને 60 લાખ પ્રમાણે કુલ 36 કરોડ તેમજ 'ડ' વર્ગની 17 નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા 40 લાખ પ્રમાણે કુલ 6 કરોડ 80 લાખ એમ કુલ મળીને 107 કરોડ રૂપિયાની સહાય મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ફાળવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CM BOOK VIMOCHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું વ્યક્તિગત તાકાત કરતાં સામૂહિક તાકાત વધારે પ્રભાવશાળી છે. અમદાવાદમાં વિશ્વ ઉમિયાધામ ખાતે 'સોનાની હાટડી ' પુસ્તકનું વિમોચન કરતાં શ્રી પટેલે ઉમેર્યું કે આઝાદીની લડતનો પ્રારંભ અસહકારના આંદોલનથી થયો હતો , જ્યારે આજનો સમય સહકારથી સમૃદ્ધિનો છે. આજે વિમોચન કરાયેલા આ પુસ્તકમાં પાટડીના રાજવી દરબારો અને દેસાઈ ભાયાતોની આશરે 750 વર્ષની વંશાવલીનો સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . .

# NAVSARI BRIDGE LOKARPAN

નવસારીમાં આશરે ચાર કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા નવા કાલિયાવાડી પુલનું લોકાર્પણ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટિલના હસ્તે કરવામાં આવ્યું હતું. શહેરનાં કાલીયાવાડી ખાડી પર આવેલો જૂનો પુલ સાંકડો હોવાથી ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી હોવાથી આધુનિક સુવિધાઓ સાથે તેનું નવનિર્માણ કરવામાં આવ્યું છે.

આ પુલ નેશનલ હાઈવે અને નવસારીના કાલિયાવાડી વચ્ચે મહત્વપૂર્ણ સંપર્ક બિંદુ છે. આ અંગે નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઇએ વધુ માહિતી આપી-

**(BYTE RAKESH DESAI NAVSARI MLA)**

દરમિયાન, આજે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટીલે  નવસારીના જુનાથાણા વિસ્તારમાં બનેલા સ્વામી વિવેકાનંદ સર્કલનું પણ લોકાર્પણ કર્યું.

. . . . . . . . . . . . .

# C R PATIL ENVIRONMENT CONCLAVE

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જણાવ્યું હતું કે , ગ્લોબલ વોર્મિંગ સામે લડવા સાથે પર્યાવરણની સુરક્ષા અને જાળવણી કરવી એ આધુનિક યુગનો મહત્વનો પ્રશ્ન છે. તેમણે જણાવ્યું કે , સુરતનાં લોકોએ ખૂબ ઓછા સમયગાળામાં ૨૭ લાખ ૬૨ હજારથી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગના સ્ટ્રકચર બનાવ્યા છે.

સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટરમાં આયોજિત 'એન્વાયરમેન્ટ કોન્કલેવ 2025માં પર્યાવરણ સંરક્ષણ માટે શ્રેષ્ઠ યોગદાન આપનાર , ગ્રીનબેલ્ટ વિકાસ, જળ સંરક્ષણ, કાર્બન ક્રેડિટ પહેલ અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન માટે શ્રેષ્ઠ અને વિશેષ કામગીરી કરનાર ઉદ્યોગકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા.

આ પ્રસંગે વન , પર્યાવરણ અને જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# ARAVALLI SUNDAY ON CYCLE

અરવલ્લી જિલ્લામાં આજે સન્ડે ઓન સાયકલિંગ યોજવામાં આવી. શરૂઆતમાં 15 લોકોથી શરૂ થયેલી આ સાયકલિંગમાં હવે 35 લોકો દર રવિવારે સાયકલિંગમાં જોડાય છે તેમાં જિલ્લા રમતગમત અધિકારી પ્રકાશ કલાસવાએ જણાવ્યું હતું.

(બાઇટ: પ્રકાશ કલાસવા, રમત-ગમત અધિકારી)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર-ધાંગધ્રા માર્ગ પર અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે આઇ.ઓ.સી ફાટક પાસે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . . .

# BHAVNAGAR HYDRABAD TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસથી હૈદરાબાદ વચ્ચે આગામી 29 જૂન સુધી  સાપ્તાહિક વિશેષ ટ્રેન દોડાવાશે. અગાઉ આ ટ્રેન 1 જૂન સુધી જ ચલાવવાનો નિર્ણય કરાયો હતો, પરંતુ હવે ટ્રેન સંચાલનના સમયગાળામાં વધારો કરાયો છે.

ભાવનગર-હૈદરાબાદ સાપ્તાહિક ઉનાળુ વિશેષ ટ્રેન દર રવિવારે સવારે સવા દશ વાગ્યે ભાવનગરથી બીજા દિવસે બપોરે પોણા પાંચ વાગ્યે હૈદરાબાદ સ્ટેશન પહોંચશે.

. . . . . . . . . . . . .

# WOMEN TALIOR TRAIING

બીપીએલ કાર્ડ ધારક પરિવારોની બહેનો આત્મનિર્ભર બને  તે માટે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે અનેક કાર્યક્રમો અમલી બનાવ્યા છે. જે અંતર્ગત    , ખેડા જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ બીપીએલ કાર્ડધારક બહેનો માટે પીપલગ પાસેની રુડસેટ ઇન્સ્ટિટયૂટ ખાતે દરજીકામ અને બ્યુટી કોર્સની એક મહિનાની તાલીમ આપવામાં આવી.

36 જેટલી બહેનોને આત્મનિર્ભર બનાવવા નિષ્ણાત ઇન્સ્ટ્રકટરો દ્વારા થિયરી અને  પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. પરીક્ષામાં પાસ થનાર બહેનોને રુડ સેટ ઇન્સ્ટિટયૂટ દ્વારા પ્રમાણપત્ર અર્પણ કરાયા હતા.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

---------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)